# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-10-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) કૃષિમંત્રી રાઘવજી પટેલે પંચમહાલથી રવિ કૃષિ મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો

2) રાજ્યભરમાં વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં કૃષિ વિકાસ દિવસ ઉજવાયો.

3) રાજ્યના હાથસાળ—હસ્તકળા ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા 19 કારીગરને સરકાર દ્વારા પુરસ્કાર અપાશે

4) આગામી બે દિવસ બાદ રાજ્યમાં સામાન્ય વરસાદની આગાહી

5) કચ્છમાં આજથી ગુજરાત રાજ્ય અને આંતર-જિલ્લા ટૅબલ ટૅનિસ સ્પર્ધાનો પ્રારંભ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIKAS SAPTAH RAGHAVJI PATEL

કૃષિમંત્રી રાઘવજી પટેલે પંચમહાલમાં છબલપુર ખાતેથી આજે કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું , કૃષિ રથના માધ્યમથી ખેડૂતોને નવા બિયારણ , સંશોધનો, કાયદાઓ અને યાંત્રિક સાધનો અંગે માહિતગાર કરાયા છે. તેના કારણે રાજ્યનો કૃષિ વિકાસ દર નવ પૂર્ણાંક 75 ટકા રહ્યો છે. આ જ કામને આગળ વધારવા સરકારે ખેડૂતો ઘરે બેઠા ઑનલાઈન અરજી કરી શકે તે માટે આઈ-ખેડૂત પૉર્ટલ શરૂ કર્યું છે.

(બાઈટ – રાઘવજી પટેલ)

રાજ્યના બે લાખ 40 હજાર હૅક્ટર વિસ્તારમાં પાંચ લાખ 64 હજાર જેટલા ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું. તેમણે કહ્યું , ગત 10 વર્ષમાં એક કરોડથી વધુ ખેડૂતોને 12 કરોડ રૂપિયાથી વધુની કુદરતી આપત્તિ સહાય અપાઈ છે.

. . . . . . . . . .

# KRUSHI DIVAS STATE WISE - 1

રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે વિવિધ મંત્રીઓની ઉપસ્થિતિમાં કૃષિ વિકાસ દિવસ ઉજવા યો. ગીરસોમનાથમાં વેરાવળના કાજલી ખાતેથી બે દિવસના રવિ કૃષિ મહોત્સવનો આજથી પ્રારંભ થયો. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા સહિતના મહાનુભાવોના હસ્તે ખેડૂતોને વિવિધ લાભનું વિતરણ કરાયું. જિલ્લામાં બે હજાર 76 ખેડૂતોને ટ્રૅક્ટર સહિતની સાત કરોડ રૂપિયાથી વધુની ખેતીલક્ષી સહાય પણ મંજૂર કરવામાં આવી.

ગાંધીનગરના માણસામાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કૃષિ વિકાસ દિવસ અને રવિ મહોત્સવ ઉજવાયો. દરમિયાન ખેડૂતોને વિવિધ યોજનાઓનો લાભ પણ અપાયો. શ્રી સંઘવીએ પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ પણ કર્યો હતો.

સુરતના ઓલપાડ ખાતે ઊર્જામંત્રી કનુ દેસાઈએ બે દિવસના રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. તેમના હસ્તે કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભનું પણ વિતરણ કરાયું. જ્યારે જિલ્લામાં ચાર હજાર 907 ખેડૂતને વિવિધ યોજના હેઠળ આઠ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી.

અમરેલીમાં સાંસદ ભરત સુતરિયાની ઉપસ્થિતિમાં બે દિવસના રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો. જિલ્લા કક્ષાના મહોત્સવમાં ખેડૂતોને શિયાળુ પાકના વાવેતર અંગે નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું. આ પ્રસંગે કપાસ પાક નુકસાનના કૃષિ રાહત પેકેજ 2024 હેઠળ જિલ્લાના 75 હજારથી વધુ ખેડૂતને 114 કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અમદાવાદના વિરમગામ ખાતે બે દિવસના રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે આ મહોત્સવને ખેડૂતોને આધુનિક ખેતી સાથે જોડવાનો પ્રયાસ ગણાવ્યો. ખેતી અને સંલગ્ન ક્ષેત્રના અવિરત વિકાસ થકી ગુજરાતે સમગ્ર દેશમાં આગવી ઓળખ બનાવી હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું....1

# KRUSHI DIVAS STATE WISE - 2

પોરબંદરમાં મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં કૃષિ વિકાસ દિવસ અને રવિકૃષિ મહોત્સવ ઉજવાયો.

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાની અધ્યક્ષતામાં કચ્છના ભુજમાં આજે જિલ્લાકક્ષાનો કૃષિ વિકાસ દિવસ અને રવિ કૃષિ મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવ વર્ણવ્યા. તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું સન્માન અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય અપાઈ.

ડાંગના આહવામાં આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો.

. . . . . . . .

# TAPI -MUKESH PATEL

તાપી જિલ્લાના વ્યારા ખાતે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં  કૃષિ મહોત્સવ યોજાયો.

. . . . . .

# HATHSAL KARIGAR PURSHKAR

રાજ્યના હાથસાળ –હસ્તકળા ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા 19 જેટલા કારીગરને રાજ્ય સરકાર દ્વારા પુરસ્કાર અપાશે. તાજેતરમાં મહેસાણામાં યોજાયેલી સૌપ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRC-માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉત્તમ કામગીરી કરનારા આવા કારીગરોને પુરસ્કાર અપાયા હતા. સાંભળીએ એક અહેવાલ.

(V/C – MAYUR SOLANKI)

(.... વર્ષ 2024માં હાથસાળ-હસ્તકળા ક્ષેત્રે સિદ્ધિ મેળવનારા કારીગરોને પુરસ્કાર અપાઈ રહ્યા છે. તાજેતરમાં મહેસાણામાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં મુખ્યમંત્રીના હસ્તે ઉત્તમ કામગીરી બદલ બનાસકાંઠાનાં તુલસી રાઠોડને ભરતકામ શ્રેણીમાં પ્રથમ ક્રમનો પુરસ્કાર અપાયો. ઉત્તર ઝૉનમાં પ્રથમ ક્રમાંકે પાટણના પરેશકુમાર સાલવીને પટોળા રૂમાલ તથા મહિલા શ્રેણીમાં બનાસકાંઠાનાં લેરીબેન સુથારને પેચવર્ક સાડી માટે પુરસ્કાર અપાયો. રાજ્યકક્ષાની પસંદગી સમિતિએ પસંદ કરેલા કારીગરો પૈકી કાપડ ક્ષેત્ર માટે ક્રમશ: પ્રથમ અને દ્વિતીય ક્રમે કચ્છના અબ્દુલબશીર ફકીરમામદ ખત્રીને ચંદ્રોકણી બાંધણી દુપટ્ટા તથા સંજોટ પ્રકાશભાઈ પૂંજાને દેશી ધાબડો માટે આગામી સમયમાં પુરસ્કાર અપાશે.

. . . . . .

# SURAT TRAIN EXTRA

પશ્ચિમ રેલવે દ્વારા સુરતના ઉધનાથી દિવાળી અને છઠ તહેવાર નિમિત્તે અનરિઝર્વ્ડ એટલે કે, અનામત વગરની વિશેષ ટ્રેન અને નિયમિત ટ્રૅન દોડાવાશે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે ઉધના પહોંચી સમગ્ર વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. આગામી 29 તારીખ સુધી દરરોજ આ ટ્રૅન દોડાવાશે.

. . . . . . . . .

# UDHNA RAILWAY STATION

સુરતના ઉધના રેલવે મથક પર દિવાળી અને છઠના તહેવાર દરમિયાન મુસાફરોની ભીડ જોવા મળે છે. તેને ધ્યાને લઈ પશ્ચિમ રેલવેએ ઉધના મથક પર પાર્સલ બુકિંગ અને હૅન્ડલિંગ એટલે કે , સામાન લેવા અને ઉતારવાનું કામ અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય કર્યો છે.

રેલવે દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ , આ પ્રતિબંધ માત્ર ઉધના મથક પરથી ઉપડતી કે સમાપ્ત થતી ટ્રૅન પર જ નહીં , પણ પાર્સલ લઈ જતી અને લાવતી ટ્રૅન માટે ઉધના મથક પર રોકાતી અને પસાર થતી ટ્રૅનને પણ લાગુ પડશે.

. . . . . .

# BHAVNAGAR ST EXTRA BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTCના ભાવનગર વિભાગ દ્વારા દિવાળીએ 120 વધારાની બસ દોડાવાશે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, આ 17 તારીખે 70 અને 18 તારીખે 50 બસ ભાવનગરથી સુરત સુધી દોડાવાશે. મુસાફરો માટે વિભાગના આઠ ડેપો દ્વારા બે દિવસ દરમિયાન વધારાની કુલ 120 બસનું સંચાલન કરાશે.

મુસાફરોને આવતા જતા બંને તરફ ST બસનો લાભ મળે તે માટે પ્રથમ દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, વડોદરા, અમદાવાદ થઈ સુરત માટે બસનું સંચાલન કરાશે. આ માટે હાલ ઑનલાઈન બુકિંગ કરવામાં આવી રહ્યું છે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................

# GST MAHISAGAR

કેન્દ્ર સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર - GSTના દરમાં કરાયેલા ઘટાડાનો સીધો લાભ નાગરિકોને થઈ રહ્યો છે. સિમેન્ટના ભાવમાં GST દરમાં 10 ટકા ઘટાડો કરાતાં સામાન્ય વ્યક્તિનું પોતાના ઘરનું સ્વપ્ન પૂરું થઈ શકશે. આ અંગે મહીસાગરના કોન્ટ્રાક્ટર ભૂમિરાજ સોલંકીએ પોતાની પ્રતિક્રિયા આપી.

(બાઈટ : ભૂમિરાજ સોલંકી)

. . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ 16થી 19 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરી છે. દરમિયાન દક્ષિણ ગુજરાતમાં પણ હળવા વરસાદની શક્યતા છે. બીજી તરફ, આગામી સાત દિવસ રાજ્યમાં તાપમાન યથાવત્ રહેશે. જોકે , આગામી બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે તેમ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . .

# KACHCHH TABLE TENNIS

કચ્છના ગાંધીધામમાં આજથી ગુજરાત રાજ્ય અને આંતર-જિલ્લા ટેબલ ટૅનિસ સ્પર્ધાનો પ્રારંભ થયો. હરેશ સંગતાણી રમતગમત સંકુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધાનું આયોજન ગુજરાત રાજ્ય ટૅબલ ટૅનિસ સંગઠન- G.S.T.T.A.ના સંયુક્ત ઉપક્રમે કરાયું છે.

આ મહિનાની 17 તારીખ સુધી યોજાનારી આ સ્પર્ધામાં રાજ્યના ટોચના ખેલાડી ધૈર્ય પરમાર, ચિત્રાક્ષ ભટ્ટ, ફ્રેનાઝ છિપીયા, ઓઇશિકી જોઆરદાર, ફિલઝાહ ફાતિમા કાદરી, અભિલાષ રાવલ, નામના જયસ્વાલ અને જયનીલ મહેતા સહિત 13 જિલ્લાના 550 થી વધુ ખેલાડી ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધા વર્તમાન ટીટી કૅલેન્ડરના મહત્તમ રૅન્કિંગ પૉઈન્ટ માટે મહત્વની સાબિત થશે.

. . . . . . . .

# KACHCHH SMRUTIVAN

કચ્છના ભુજમાં આવેલું સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય આગામી દિવાળી તહેવાર નિમિત્તે 20 ઑક્ટોબરે સોમવારે ખૂલ્લું રહેશે. જોકે , 21 તારીખે સંગ્રહાલય બંધ રહેશે એમ સ્મૃતિવન સત્તામંડળની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# VIKAS RATH

વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં વિકાસરથ દોડાવવામાં આવી રહ્યાં છે ત્યારે પાટણમાં રાધનપુર તાલુકાના સીનાડ , જેતલપુરા, વડનગર તથા ભાડિયા, સરદારપુરા અને નાયતાવાડા ગામમાં આજે લોકોએ વિકાસ રથનો સ્વાગત કર્યું. ધારાસભ્ય લવિંગજી ઠાકોર તથા જિલ્લાને તાલુકાના અધિકારીઓની ઉપસ્થિતિમાં લોકોને સરકાર યોજનાઓ અંગે માહિતી અપાઈ. તેમજ લાભાર્થીઓને સ્થળ પર સહાય હુકમ અને લાભનું વિતરણ કરાયું.

મહેસાણાના કડી તાલુકાના કરણનગર ગામે લોકોએ વિકાસ રથને વધાવ્યો.

. . . . . . . . . .